મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૩ ટકા
ગાંધીનગર તાપમાન

ચિલ્ડ્રન યુનિવર્સિટીના રજીસ્ટ્રાર કહે છે કે....

ગાંધીનગર, તા.૨૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીએ કરેલા હોબાળા મામલે રજિસ્ટ્રાર ડૉ. અશોક પ્રજાપતિ એક નિવેદનમાં જણાવે છે કે, સદર વિદ્યાર્થીએ જે વીડિયો વાઈરલ કરેલો છે, તે અડધો અને એકપક્ષીય છે. હકીકત એ છે કે આ વિદ્યાર્થીએ આ ઘટના બની તેના આગલા દિવસે ચાલુ પરીક્ષાએ દરેક ક્લાસરૂમમાં જઈને હોબાળો મચાવી પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડી હતી. એટલું જ નહિ, ડેપ્યુટી રજિસ્ટ્રારના રૂમમાં ઘૂસી જઈને મહિલા કર્મચારીઓ સાથે અભદ્ર ભાષામાં વાત કરી અને તેમની સાથે અપમાનજનક વર્તાવ કર્યો હતો. વધુમાં મારી સાથે આ બાબતે ચર્ચા કરતાં સદર વિદ્યાર્થીને પોતાની જે પણ રજૂઆત હોય તે લેખિતમાં આપવાની વાત પણ કરેલી છે. સદર વિદ્યાર્થીએ યુનિવર્સિટીના ફરજ પરના એક અધિકારીનાં કપડાં ખેંચવાની અને તેમને જાહેરમાં પાડવાની ચેષ્ટા કરી અપમાનજનક વર્તાવ કર્યો હતો તેમજ પરીક્ષાની કામગીરીમાં રોકાયેલા સ્ટાફની ફરજમાં રૂકાવટનો પ્રયાસ કર્યો હતો. આ વિદ્યાર્થી સાથે કોઈ અન્યાય નથી થયો. વળી તેને અનેકવાર કહેવાયું હોવા છતાં તેણે કોઈ જ લેખિત રજૂઆત પણ નથી આપી કે તેને શું પ્રશ્ન છે. વાસ્તવિક સ્થિતિ એ છે કે **Ph. D. Education** ની પ્રવેશ પરીક્ષામાં એ નાપાસ જાહેર થયેલો છે, જે યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવેલા પરિણામમાં પણ જોઈ શકાય છે. સદર વિદ્યાર્થી દ્વારા જે ખોટા મેસેજ **Ph. D. Education**ના પરિણામ વિશે અને નિયમો વિશે વાઈરલ કરવામાં આવ્યા છે તે તદ્દન પાયાવિહોણા છે. સદર વિદ્યાર્થીને યુજીસીની લેટેસ્ટ માર્ગદર્શિકાને આધારે પ્રવેશ પરીક્ષામાં કમિટિ દ્વારા પરીક્ષામાં બેસવા દેવામાં આવેલ છે અને તેમાં તે નાપાસ થયેલ છે. જો કોઈ પણ વિદ્યાર્થીને પોતાને અન્યાય થયો હોય તે તેને પોતાની સ્પષ્ટ રજૂઆત આપવાની હોય પરંતુ આ વિદ્યાર્થીએ કોઈ રજૂઆત આપવાને બદલે માત્ર તેણે સતત બે દિવસ અભદ્ર વર્તાવ કર્યો છે. એના પ્રશ્નની રજૂઆત એણે વ્યક્તિગત રીતે યુનિવર્સિટીના અધિકારીઓ પાસે કરવી જોઈએ અને એમાં અન્ય વિદ્યાર્થીઓના ટોળાની કોઈ જરૂર હોતી નથી. છતાં એણે પોતાનું શક્તિ-પ્રદર્શન કરી બળજબરીથી પોતાનો ખોટી રીતનો આશય સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ વિદ્યાર્થીએ કરેલા આક્ષેપો સત્યથી સદંતર વેગળા છે. આ વિદ્યાર્થીએ પોતાની પબ્લિસિટી માટે કોઈ ષડયંત્રના ભાગરૂપે યુનિવર્સિટીની છબી ખરડવાનો પ્રયાસ કર્યો હોય તેવું સ્પષ્ટપણે જણાય છે. સદર છાત્ર કોના ઈશારે કાવતરાના ભાગરૂપે આ બધું કરી રહ્યો છે, તેની ઊંડાણપૂર્વક તપાસ થશે અને જે કોઈ જવાબદાર હશે તેની સામે કડક પગલાં લેવાશે. આ ઉપરાંત સદર છાત્રે યુનિવર્સિટીમાં કરેલા બખેડા સહિતનાં કૃત્યો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ ચાલી રહી છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની છબી ખરડવાનાં આવાં કૃત્યોની અમે સખત નિંદા કરીએ છીએ.

સેક્ટર-૩૦ મુક્તિધામ ખાતે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે શૌર્યગીતો, ભજનો, લોકગીતોની રમઝટ યોજાઈ હતી.

સેક્ટર-૬ અને સેક્ટર-૭માં નિયત કરેલા સ્થળે કોર્પોરેશનને લગતા કામોમાં ન થયેલા કામોના નિવારણ માટે વોર્ડ નં.૧૦ના નગરસેવકો હાજર રહ્યા હતા. જેમાં સેક્ટર-૬માં ૮ ફરિયાદો અને સેક્ટર-૭ની ૬ ફરિયાદો સાંભળી હતી અને નિવારણ માટે રજૂઆત કરી હતી. સાથે સાથે મતદાર સુધારણા કાર્યક્રમ અંતર્ગત મતદાન મથકની મુલાકાત લીધી હતી.

સર્જકની સર્જકતાને જન જન સુધી પહોંચાડવાનો અખબારો પ્રયાસ કરે છે : વી.એસ. ગઢવી

ગાંધીનગર સમાચારમાં સતત ૨૫ વર્ષથી ચાલતી ચોટદાર કોલમ 'સુપ્રભાતમ્'ના સર્જક સુરેશ પ્રા. ભટ્ટનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સમાચારની સુપ્રભાતમ્ કોલમના લેખક સુરેશ ભટ્ટનો ગાંધીનગર અતિથિ ગૃહ ખાતે સન્માન સમારોહ યોજાયો હતો. છેલ્લા ૨૫ વર્ષથી ગાંધીનગર સમાચારમાં સુરેશ ભટ્ટની કલમે નિયમિતપણે સુપ્રભાતમ કોલમ આવતી હતી. આટલા લાંબા ગાળા સુધી સતત સાતત્ય સાથે અવિરત સર્જનના સ્ત્રોત સમી આ કોલમ થકી તેમણે પ્રત્યેક પ્રભાતે સલામી આપી આ પાટનગરના પોતીકા અખબારને લોકપ્રિય બનાવવામાં અણમોલ ફાળો આપ્યો છે.

લેખક, સાહિત્યકાર અને આજીવન શિક્ષક સુરેશ ભટ્ટે વર્ષ ૧૯૯૬માં ગાંધીનગર સમાચારમાં સુપ્રભાતમ્ દૈનિક કોલમ લખવાનું શરૂ કર્યું હતું. જેમાં મુકતક, હાઈકુ, સુવિચારો, શ્લોકના ભાવાર્થ સાથેનું ચિંતન અને સાંપ્રત સંદર્ભ સાથેની બોધકથા લખાતી હતી. આ પ્રસંગે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ સૌ પ્રથમ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ સુરેશ ભટ્ટનું સન્માન હાર પહેરાવીને અને શાલ ઓઢાડી કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. જેમાં નિવૃત્ત આઈ.એ.એસ. અને ગાંધીનગર સમાચારના કોલમિસ્ટ વી.એસ. ગઢવીએ જણાવ્યું હતું કે સર્જકની સર્જકતાને વધુ નાગરિકો સુધી પહોંચાડવાનો અવિરત પ્રયાસ અખબારો દ્વારા થતો હોય છે ત્યારે ગાંધીનગરના લોકભોગ્ય દૈનિક ગાંધીનગર સમાચારે સુપ્રભાતમ કોલમના માધ્યમથી સુરેશભાઈના અનમોલ પ્રયાસથી નાગરિકોમાં અનેરો પ્રાણ પૂર્યો છે. આ સફરનો શ્રેય ત્રણ જણાને જાય છે સર્જક, અખબાર અને નગરને આભારી છે.

માહિતી ખાતાના અધિક નિયામક અને ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ પુલક ત્રિવેદીએ કહ્યું કે સુરેશ ભટ્ટનો પરિવાર અને ગાંધીનગર સમાચાર એકબીજાના પર્યાય છે. પચ્ચીસ વર્ષથી અવિરત પણે તેમણે સંસ્કારોના સિંચન માટે અકિંચન સેવાઓ આપી છે એ કયારેય ભૂલાશે નહીં. સમાચાર પત્રોમાં એડિટ પેજ અને સમાચાર પેજ એમ બે પેજ મહત્વના છે તથા સાહિત્યકાર રમેશ ઠકકરે સુરેશભાઈના સંસ્મરણો તાજા કરીને તેમની સેવાઓ બિરદાવી હતી. પરિવારના જયોતિષ ભટ્ટે તેમના પરિવારના અનેક સંસ્મરણો તાજા કરીને અભિનંદન આપ્યા હતા. શહેરના અગ્રણી નિશિત વ્યાસે સુરેશકાકાની સમાજોપયોગી સેવાઓને બિરદાવીને તેનું ડોકયુમેન્ટેશન કરવા અનુરોધ કર્યો હતો. ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું કે છેલ્લા ૨૫ વર્ષથી સુરેશભાઈને અભિનંદન પાઠવતા કહ્યું કે અનેક વિટંબણાઓ વચ્ચે પણ એમણે અવિરત સેવાઓ આપી છે. અખબારની સૌથી શ્રેષ્ઠ અને સૌથી વધુ વંચાતી આ કોલમ માટે ગૌરવની લાગણી વ્યકત કરતા કહ્યું કે ૨૫ વર્ષમાં બાપુજીના નવ હજારથી વધુ મુકતકો, અઢાર હજાર હાઈકુ એ ગ્રીનબુકમાં નોંધાય એવી શુભેચ્છા વ્યકત કરી હતી તેમનું આ લખાણ એ અમારા અખબારનું જમા પાસું છે. સુરેશ ભટ્ટનું નામ કાયમ યાદ રહે તે માટે દર વર્ષે ગાંધીનગરના શ્રેષ્ઠ કોલમિસ્ટ અને શ્રેષ્ઠ પત્રકારને સુરેશ ભટ્ટ પુરસ્કાર આપીને બિરદાવાશે આ માટે દર વર્ષે ૨૪ નવેમ્બરે આ ઈનામની જાહેરાત કરાશે.

ગુજરાત સાહિત્ય અકાદમીના જયેન્દ્રસિંહ જાદવે બાપુજીને શુભેચ્છા આપતા કહ્યું કે આટલા વર્ષો સુધી સાતત્યપૂર્વક લખવું એ ઉચ્ચ વિચાર, કસાયેલી કલમ અને આચરણ જીવના શુધ્ધિપૂર્વક લખ્યું એ માટે રાજયના સાહિત્યકારો વતી અભિનંદન આપ્યા હતા. કોલમિસ્ટ સુરેશ ભટ્ટે પોતાના પ્રતિભાવમાં સૌને પ્રણામ કરતા કહ્યું હતું કે મારા પર અનેક લગામો છે તો પણ હું બાફીશ ખુલ્લી તલવાર મારો સ્વભાવ છે. હું સરળ છતાંય ઘણા મને પરશુરામ કહેશે પણ મેં તલવાર કયારેય મ્યાનમાં મુકી નહોતી. સુપ્રભાતમ શબ્દ મારા નામ અને જિંદગી સાથે જોડાઈ ગયું છે મને નિયમિત અપડેટ રાખવાનું કામ રેડિયોએ કર્યું છે. ગાંધીનગરે મને અપડેટ રાખ્યો છે. પ્રાસંગિક પ્રવચન બાદ સર્વે ઉપસ્થિત સભ્યોએ ભોજન ગ્રહણ કર્યું હતું. આ પ્રસંગે જાણીતા સર્જકો સર્વશ્રી કેશુભાઈ દેસાઈ, કિશોર જીકાદરા, નિયતી કાપડીયા, અજય ઉપાધ્યાય, ડૉ. જય ઓઝા તથા કિન્નર ઝવેરી, ભાવિન પટેલ, નિતીન પટેલ, વિજય બ્રહ્મભટ્ટ સહિત ગાંધીનગર સમાચાર પરિવાર અને ભટ્ટ પરિવાર ઉપસ્થિત રહેલ હતા. સમગ્ર કાર્યક્રમનું લાગણીસભર સંચાલન નેહલ ગઢવીએ સંભાળ્યું હતું.

સાદરા ખાતે મતદાનની અગત્યતા અંગે માર્ગદર્શન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨૮

ગૂજરાત વિદ્યાપીઠ મ.દે. ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટશ્રી, ગાંધીનગર સી-ઉપ-ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના અધ્યક્ષસ્થાને મતદાન-યાદી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ભાવનાબેન રબારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટે વિદ્યાર્થીઓને લોકશાહીમાં મતદાનની અગત્યતા અંગે માર્ગદર્શન આપી, આ પવિત્ર કાર્યમાં સક્રિય થવા ચૂંટણીકાર્ડ કઢાવવાની ઓનલાઈન પ્રક્રિયા, નામ કમી, નામ સુધારણા તથા સરનામુ બદલવાનું વગેરે મહત્વની પ્રક્રિયાની વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમથી વિદ્યાર્થીઓને સવિશેષ માર્ગદર્શન પ્રાપ્ત થયુ હતુ. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી ડૉ. મોતીભાઈ દેવુએ કર્યુ હતુ. આભારદર્શન ડૉ. દિવ્યેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

સેક્ટર-૨૧ જીમખાનાનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૮

ઓલ ઈન્ડિયા અન્ડર વોટર સ્પોર્ટસ એસોસીએશન ઈન્ડિયા દ્વારા આયોજીત ચોથી ઓલ ઈન્ડીયા ફીન્સ સ્વીમીંગ ફેડરેશન કપ ૨૦૨૧નું આયોજન ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયું હતું. આ સ્પર્ધામાં તોફીક વી.મેમણે ચાર સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી સે-૨૧ જીમખાનાનું ગૌરવ વધારેલ છે. જીમખાનાના મેનેજર જીતુભાઈએ તેમને અભિનંદન પાઠવ્યા હતા. તોફીક મેમણે કોચ કે.જી. ભગતની તાલીમ પ્રાપ્ત કરેલ છે. આ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરવા બદલ કોચ રામભાઈ અને શરદ વ્યાસે તેમની તનતોડ મહેનત બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ભલે ગમે તેટલો થાક્યો હોઉ પણ એક પણ દિવસ મારા યોગ વર્ગ ના બંધ રહેવા જોઈએ..!!

ઘ-૫ ફૂડ કોર્ટ ખાતે દિવસ-રાતના શ્રમ ભર્યો વ્યવસાય સાથે ટૂંકી ઊંઘ લઈને દરરોજ સવારે નિયમિત યોગ શિખવાડવાની વિના મૂલ્યે સેવા આપતા શહેરના અનોખા વેપારી : માત્ર આઠ ધોરણ પાસ કાર્ય પછી પણ મહેનત અને લગનથી સફળતા મેળવવા સાથે યોગ શિક્ષક પણ બન્યા

ગાંધીનગર, તા. ૨૮

ભારતના યોગ-પ્રાણાયામ વિશ્વભરમાં પ્રચલિત બન્યા છે અને હવે તો દરેકને તેનું મહત્વ સમજાતું જાય છે. ગાંધીનગરમાં વિના મૂલ્યે એક એવા યોગ-વર્ગ ચાલી રહ્યા છે જેમાં શહેરની ઘ-૫ ફૂડ કોર્ટના વેપારી પોતાના સવારથી મોડી રાત સુધીના ભરપૂર શ્રમ સાથે કામધંધા સાથે પણ દરરોજ સવારે નિયમિત યોગ શીખવાડી રહ્યા છે. યોગથી પોતાને થયેલા લાભનો ફાયદો અન્યને પણ આપવો જોઈએ તેવું માનતા મનોજકુમાર મેન્શન નામના આ વેપારીની મહેનત અને ધગશ અનેકને પ્રેરિત કરે તેવી છે.

રાજસ્થાનના પાલી જિલ્લાના ફાલનાના વાતની ખેડૂત પિતાના ચાર દીકરા અને બે દીકરી એમ કુલ ૬ સંતાનો પૈકી ત્રીજા નંબરના સંતાન મનોજકુમારને અભ્યાસ કરતાં હોટલ ચલાવવામાં રસ જાગ્યો હતો. તે સમયે રાજસ્થાની સમાજના રિવાહ મુજબ નાનપણમાં જ પરણી ગયેલા અને માત્ર આઠ ધોરણ ભણેલા મનોજકુમારે ૧૫ વર્ષની ઉમરે ગામના એક વ્યક્તિ સાથે રાજસ્થાનથી અમદાવાદ આવીને માદલપુર ખાતે એક હોટલમાં આસિસ્ટન્ટ તરીકે કારકિર્દી શરૂ કરી હતી. અહી તેઓ પંજાબી, ચાઈનીઝ, કૉંટિનેંટલ વગેરે ફૂડ કૂકિંગ શીખ્યા હતા ત્યારબાદ તેમને એક ઓળખાણ દ્વારા કચ્છના પાનંધ્રો ખાતે જીઈબી કોલોનીમાં પોલેંડની મેગાડોક્સ કંપની દ્વારા ઊભા કરાયેલા યુનિટ-

ઉમની મેસમાં ઉપ વ્યક્તિઓનું ભોજન બનાવવાની કરાર આધારિત જોબ મળી હતી જે તેમણે ત્રણ વર્ષ સુધી કરી હતી. આ દરમ્યાન તેમનું આણું તેડાવતા પત્ની સાથે રહેતા હતા. મનોજકુમારના સ્વભાવ અને સારા કામને પગલે ડો.જે.વી.પરીખ નામના જીઈબી અધિકારી સાથે સારો ઘરોબો થઈ ગયો હતો જેમની બદલી ગાંધીનગર થઈ તે દરમ્યાન મનોજકુમારનો કોન્ટ્રાક્ટ પણ પૂરો થતાં તેમણે ગાંધીનગર બોલાવી લીધા હતા. આ સમયે મનોજકુમાર આર્થિક ભીંસમાં હતા અને ખિસ્સામાં માત્ર ભાડું હતું. આ સમયે ડો.જે.વી.પરીખે તેમના ખર્ચે શહેરના ઘ-૫ સર્કલ ખાતે ચાઈનિઝ નાસ્તાની લારી કરી આપી હતી તેમજ ભાડાના ઘરમાં રહેવા માટે કપડાં, વાસણ, ગોદડાં સહિત જરૂરી સમાન પણ આપ્યો હતો. સે.૨૪માં ભાડાની ખોલીમાં રહેતા મનોજકુમારને તો લારી હાંકવાનું પણ ફાવતું નહોતું જેના કારણે એકવાર રાતે લારી પગે વાગી જતાં લોહી નીકળતા તેઓ સે.૨૩ના સ્વામિનારાયણ મંદિરે બેસીને રડી પડ્યા હતા. મનોજકુમાર પોતાના માટે જેને ભગવાનનું સ્વરૂપ માને છે તેવા ડો.જે.વી.પરીખ લારી માટે સમાન લેવા પણ તેમની ફિયાટ કારમાં અમદાવાદ લઈ જતાં હતા. મનોજકુમારની મહેનત અને કૂકિંગ આવડત સાથે સારા સ્વભાવને લીધે તેમનો ધંધો જામી ગયો હતો પરંતુ દબાણના પ્રશ્ને કે મંત્રીઓની અવરજવર સામે વારંવાર લારીની જગ્યા બદલવી પડતી હતી. એકવાર તો સળંગ ૧૮ દિવસ સુધી લારી બંધ રહી હતી પરંતુ પછી સરકારે ઘ-૫ ફૂડ કોર્ટ બનાવી અને તેમાં દુકાન મળતાં તેમની કિસ્મત ફરી હતી. આ પછી એ-વન ફાસ્ટફૂડ નામથી તેમનો ધંધો એટલો જામ્યો કે તેમણે શહેરના કુડાસણ ખાતે વધુ એક શાખા ખોલી તેમજ અત્યારે તેઓ આશરે ૫૦ જેટલા અન્ય જરૂરિયાતમંદ કારીગરોને પણ રોજગારી આપી રહ્યા છે.

એક તો સતત સ્ટવ પાસે વરાળ વચ્ચે કામ કરવાથી શરદી-કફ અને સતત ઊભા રહીને કામ કરવાના વ્યવસાયને પગલે મનોજકુમારને વેરિકોસ વેઈનની તકલીફ થઈ ગઈ હતી. આ માટે તેમણે દવાઓ કરીને થાક્યા પરતું એકવાર તેમના મિત્ર વિનોદભાઈએ સે.૨૪માં આર્ય સમાજ ખાતે ચાલી રહેલા યોગ-પ્રાણાયામમાં આવવા જણાવ્યુ જ્યાં તેમને આ તકલીફોમાં રાહત લગતા તેઓ નિયમિત સારી રીતે યોગાભ્યાસ કરવા લાગ્યા હતા. આ દરમ્યાન તેમને આર્ય સમાજના શૈલેન્દ્ર શાસ્ત્રી સાથે સારો ઘરોબો થઈ ગયા પછી તેમણે બંનેએ યોગગુરુ કાનજીભાઈ બાવરીની યોગ શિબિરનું આયોજન કર્યું હતું આ પછી મનોજકુમારને યોગની લગની લાગી ચૂકી હતી. આ પછી શૈલેન્દ્ર શાસ્ત્રીએ આર્યસમાજ છોડીને જતાં જતાં મનોજકુમારને યોગ કલાસ નિયમિત રીતે ચાલુ રાખવાની જવાબદારી સોંપી હતી જે મનોજકુમારે સાત વર્ષ સુધી નિયમિત રીતે સાંભળી હતી. કોરોના લોકડાઉનમાં ઘરે પણ નિયમિત યાગ ચાલુ રાખ્યા હતા અને લોકડાઉન પછી તેમણે કાનજીભાઈની પ્રેરણાથી રાજ્ય યોગ બોર્ડની યોગ ટ્રેનરની પરીક્ષા પાસ કરી કલેકટરના હાથે યોગ શિક્ષકનું સર્ટિફિકેટ પણ મળવ્યું હતું. આ પછી તેમણે પાટનગર યોજના ભાવને રજૂઆત કરીને સે.૨૪માં નવા રિનોવેટ થયેલા રંગમંચ ખાતે શિબિર યોજી દરરોજ સવારે નિયમિત ૫.૩૦થી ૭ વાગ્યા દરમ્યાન વિના મૂલ્યે યોગના વર્ગો ચાલવાની મંજૂરી પણ મેળવી લીધી. અત્યારે તેઓ અહી સવારે નિયમિત યોગ વર્ગો ચલાવે છે જેના થકી અનેક યોગર્થીઓને તેમના રોગો-તકલીફોમાં ઘણો ફાયદો પણ થયો છે. આ વર્ગો માટે તેમણે પોતાનું માઈક-સ્પીકર પણ વસાવી લીધા છે. અત્યારે તેઓ રોજ સવારે યોગ કરાવે પછી તૈયાર થઈને માર્કેટ જાય, પોતાના ધંધા માટે તાજા શાકભાજી-કરિયાણું ખરીદે, બપોરે અને સાંજે રેસ્ટોરન્ટ ચલાવે તે વચ્ચે એક કલાક ઊંઘી લે અને રાત્રે બાર-એક વાગે કામ પતાવી સૂઈ ગયા પછી ફરી એટલી જ ઉર્જા સાથે સવારે યોગ માટે હજાર થઈ જાય છે. ખરેખર તેમની આટલી મહેનત અને ધગશ સાથે વિના મૂલ્યે યોગ શિખવાડવાની સેવા માટે તેમણે અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

જન્મદિને વધામણી

દિલીપસિંહ અજીતસિંહ બિહોલા
એડવોકેટ
મો. ૯૪૨૬૩ ૭૯૨૫૨

દિલીપ પ્રજાપતિ
પત્રકાર, ઈ ટીવી
મો. ૯૭૨૫૬ ૪૭૧૯૭

કોકિલાબેન ડી શાહ
સભ્ય, ગોપી મંડળ
મો. ૯૪૦૯૫ ૪૮૭૮૭

અરવિંદ જયંતિલાલ શ્રીમાળી
મો. ૯૮૨૪૧ ૬૬૪૮૨

ધ્રુવ પટેલ
મો. ૮૩૪૭૫ ૯૯૩૯૪

ડૉ. વિક્રમસિંહ આર. ચૌહાણ

એ.વી.બી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ખાતે બંધારણ દિવસ ઉજવાયો

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.બી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલ દ્વારા ભારતીય બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શિક્ષકોએ વિદ્યાર્થીઓને બંધારણ દિવસ વિશેની સંપૂર્ણ માહિતીથી અવગત કર્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પારવાણી નારાયણીબેન બુગડોમલ, ઉ.વ. ૮૦, સે-૩૦
- સ્વ. ઠાકોર રૂપાબેન બબાજી, ઉ.વ. ૮૫, ગોલથરા, કલોલ
- સ્વ. ત્રિવેદી ભરત જયંતિલાલ, ઉ.વ. ૬૪, કુડાસણ
- સ્વ. ચૌહાણ સવિતાબેન રવિન્દ્રપ્રસાદ, ઉ.વ. ૬૧, સેક્ટર-૧૩
- સ્વ. દંતાણી સોનુભાઈ નગીનભાઈ, ઉ.વ.૨૧, સે-૨૧, છાપરાં
- સ્વ. ચાવડા શંકરજી મગનજી, ઉ.વ. ૬૦, આદીવાડા